Notifications Powered by iZooto



# ા જાણીતી કંપનીએ હવા શુદ્ધ કરતી ચાદરનો કર્યો દાવો, ાણો બાદમાં શું થયું

ઇઆરસીએ આ જાહેરાત સામે ફરિયાદ નોંધાવી હતી. એડવર્ટાઇઝિંગ સ્ટાન્ડર્ડ ાઉન્સિલ ઓફ ઇન્ડિયા (એએસસીઆઇ)એ સીઇઆરસીની ફરિયાદને માન્ય રાખી હતી અને એડવર્ટાઇઝના દાવાઓને ગેરમાર્ગે દોરનારા હોવાનું ઠેરવ્યું હતું.

By: એબીપી અસ્મિતા વેબ ટીમ | Updated : 01 Jan 2022 04:12 PM (IST)

FOLLOW US:



તસવીરનો ઉપયોગ પ્રસ્તુતિકરણ માટે કરવામાં આવ્યો છે.

હવે સાંભળો 1.0x
Powered by Trinity Audio
00:00 02:19

You May Like Sponsored Links

Gujarat: The Cost of Solar Panels May...
Solar panels | Search ads

The cost of hearing aids in Sanand might...
Hear.com

Prices of Unsold New Cars In Sanand Could...
Unsold cars | Search

Why are Dubai houses so cheap?
Dubai | Search Ads

by Taboola

## સંબંધિત સ્ટોરી

અમદાવાદ: જાણીતી કંપની વેલસ્પેને તમે સુતા હોવ ત્યારે હવા શુદ્ધ કરતી ચાદરનો દાવો કર્યો હતો. આ અંગે તેણે વિજ્ઞાપન પણ બહાર પાડી હતી.વેલસ્પન સ્પેસીસ બેડશીટની ફેસબુક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે "સ્પેસીસ દ્વારા નવી એરપ્યુરિ ફાઇંગ બેડશીટ્સ રજૂ કરાઇ છે જે હવામાંના હાનિકારક ગ્રીનહાઉસ વાયુઓને શોષી લે છે અને તેને શુદ્ધ હવામાં રૂપાંતરિત કરે છે જેથી તમે આનંદથી સુઇ શકો છો (#Sleep Happy)" અને "Pure Air Technology™".

સીઇઆરસીએ આ જાહેરાત સામે ફરિયાદ નોંધાવી હતી. જાહેરાતકર્તાના પ્રતિસાદના આધારે એડવર્ટાઇઝિંગ સ્ટાન્ડર્ડ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (એએસસીઆઇ)એ સીઇઆરસીની ફરિયાદને માન્ય રાખી હતી અને એડવર્ટાઇઝના દાવાઓને ગેરમાર્ગે દોરનારા હોવાનું ઠેરવ્યું હતું. એએસસીઆઇએ એડવર્ટાઇઝર દ્વારા ઉપલબ્ધ બનાવાયેલ ટેસ્ટ રિપોર્ટ્સ અને અન્ય વધારાની રજૂઆતોની સમીક્ષા કરી હતી. જોકે, પરીક્ષણનો ડેટા હવાના શુદ્ધિકરણને લગતો નહતો પરંતુ સપાટીના રોગાણુનાશક માટેનો હતો. જાહેરાતકર્તાએ સમજાવ્યું હતું કે ઉક્ત ઉત્પાદનની ટેક્નોલોજી ગ્રીનહાઉસ વાયુઓને શોષીને અને પછી હવાને શુદ્ધ કરે છે. દાવાઓને સાબિત કરવા કે વાસ્તવિક વાતાવરણની નકલ કરતી વેલસ્પન બેડશીટનો ઉપયોગ કરીને કોઇ પ્રયોગશાળા પરીક્ષણો સાથે ટેકનિકલ ખુલાસાઓ પુરવાર થયા ન હતા.

એએસસીઆઇએ જણાવ્યું હતું કે આવા દાવાઓથી ગ્રાહકોના મનમાં વ્યાપક નિરાશા ઉભી થાય તેવી સંભાવના છે. જાહેરાતકર્તાને જાહેરાતમાં ફેરફાર કરવા અથવા 17 ડિસેમ્બર 2021 સુધીમાં તેને પાછી ખેંચવા કહેવામાં આવ્યું છે. જો કે સીઇઆરસીને જાણવા મળ્યું હતું કે આ પોસ્ટ બ્રાન્ડના ફેસબુક પેજ પરદેખાતી રહે છે. સીઇઆરસીએ એએસસીઆઇને પત્ર લખીને જાહેરાતકર્તા સામે કાર્યવાહી કરવા જણાવ્યું છે.

સીઇઆરસીના મેનેજર– એડવોકેસી અનુષા ઐયરે જણાવ્યું હતું કે, "સીઇઆરસી હંમેશાં આવી ગેરમાર્ગે દોરતી જાહેરાતો શોધવામાં સક્રિય રહી છે, અને આવી જાહેરાતો સામે કાર્યવાહી કરવા માટે એએસસીઆઇ, સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ) અને અન્ય રેગ્યુલેટર્સને જાણ કરે છે. અહીં જે સવાલ સામે સવાલ કર્યો છે તે જાહેરાત માત્ર બેજવાબદાર જ નહીં પરંતુ ચિંતાજનક પણ છે કારણકે લોકો માનશે કે એરપ્યુરિફાયર ખરીદવાનો ખર્ચ કરવાને બદલે ઘરની હવાને શુદ્ધ કરવાનો આ એક સરળ અને કિફાયતી માર્ગ છે. આ ઉપરાંત તેઓ જ્યારે ઘરની અંદર હોય ત્યારે તે તેમનામાં સલામતીની ખોટી ભાવના પેદા કરે છે.

**Tags:** Business news | CERC






## તમારા માટે

**તસવીરો જોવા અહીં ક્લિક કરો....**

ABP Live

Notifications Powered by iZooto



મોદી સરકારની સોનાની ખરીદી કર્યા વિના સોનામાં રોકાણ કરીને કમાણી કરાવતી આ સ્કીમના છે અનેક ફાયદા......

IPO 2022: આ વર્ષે આવશે અનેક આઇપીઓ, જાણો શું ક...




PM Kisan Scheme: PM Modi એ ખેડૂતોના ખાતામાં 10મો હપ્તો કર્યો...



Cryptocurrency એક્સચેન્જ કંપનીઓ પર મોટી કાર્યવાહી,...



બેન્કના કામકાજ ફટાફટ પતાવો, જાન્યુઆરીમાં આ 16 દિવસ બંધ રહે...







**Next-Gen Lunchbox from Vaya**

Vaya Lunchboxes


## SHOPPING

LAPTOP AND ACCESORIES | KITCHEN APPLIA



ASUS VivoBook 15 (2020), 39.6 cm HD, Dual Core... ₹31,999 amazon.in



Dell Inspiron 3502 15.6" (39.62 cms) HD Display... ₹35,990 amazon.in